1. ગાંધીજીએ દાંડીકૂચ શા માટે કરી ?

- ઈ.સ. 1930માં લાહોર મુકામે જવાહરલાલ નહેરુના અધ્યક્ષ પદે યોજયેલા કોગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યના ધ્યેયનો ઠરાવ પસાર કરવામાં આવ્યો તેમજ ગાંધીજીએ અસહકાર અને સવિનય કાનૂનભંગની લડત ચલાવવાની સત્તા આપવામાં આવી. ગાંધીજીએ ગવર્નર જનરલને આખરીનામું આપતો પત્ર લખ્યો. આની કોઈ અસર થઈ નહિ. આથી ગાંધીજીએ મીઠાનો અન્યાયી કાયદો તોડવા 12 માર્ચ, 1930ને દિવસે સાબરમતી આશ્રમ(અમદાવાદ)થી દાંડી સુધીની દાંડીકૂચ કરી.

2. ગાંધીજીએ અસહકારનું આંદોલન શા માટે મોકૂફ રાખ્યું ?

- અસહકારનું આંદોલન પુરજોશમાં ચાલતું હતું ત્યારે ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે ફેબ્રુઆરી 1922માં વિદેશી કાપડ અને દારૂની દુકાને પિકેટિંગ કરતા લોકો પર પોલીસે લાઠીમાર કર્યો. લોકોનું ટોળું પોલીસ ચોકી પર ગયું. ત્યાં તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો. પોલિસની ગોળીઓ ખૂટી જતાં લોકોએ પોલીસ ચોકીને આગ લગાડતાં તેમાં 21 પોલીસો બળી મર્યા. ગાંધીજીએ ચોરીચૌરા મુંબઈ તથા અન્ય સ્થળોએ બનેલા હિંસક બનાવોને ધ્યાનમાં લઈ અસહકારનું આંદોલન મોકૂફ રાખ્યું.

3. ભગતસિંહે મધ્યસ્થ ધારાસભામાં બોંબ કેમ ફેંક્યો?

- સાયમન કમિશનના બહિષ્કાર વખતે સમગ્ર ભારતમાં દેખાવો થયા. લાહોરમાં આવા એક દેખાવમાં લાલા લજપતરાયે આગેવાની લીધી હતી. દેખાવો દરમિયાન થયેલા લાઠીમારને કારણે 17 નવેમ્બર, 1928ના રોજ લાલા લજપતરાયનું અવસાન થયું. લાલા લજપતરાય પર લાઠીચાર્જ કરનાર પોલીસ અધિકારી સોન્ડર્સની ભગતસિંહે હત્યા કરી. ભગતિસહ તથા તેના સાથીદાર બટુકેશ્વર દત્તે દિલ્લીની મધ્યસ્થ ધારાસભામાં બોંબ ફેંક્યો.

4. ગાંધીજીએ શા માટે ખેડા સત્યાગ્રહ કર્યો?

- ગુજરાતના ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ઈ.સ. 1917માં દુષ્કાળ પડ્યો. દુષ્કાળના સમયે સરકારે લોકોને મદદ આપવી જોઇએ અને મહેસૂલ માફ કરવું જોઇએ. પરંતુ અંગ્રેજ સરકારે મુશ્કેલીમાં લોકોની મદદ કરવાને બદલે મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કર્યું. આથી ગાંધીજીની નેતાગીરી હેઠળ ખેડાના ખેડૂતોએ ઈ.સ. 1917માં ખેડા સત્યાગ્રહ કર્યો.

5. ‘આઝાદ હિન્દ’ ફોજની સ્થાપના કોણે કરી ? શા માટે ?

- સુભાષચંદ્ર બોઝને કોંગ્રેસનો કાર્યક્રમ મવાળ લાગતો હતો. આથી તેમણે ‘ફોરવર્ડ બ્લોક’ નામના અલગ રાજકીય પક્ષની સ્થાપના કરી. બ્રિટિશ સરકારે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન તેમને કોલકાતામાં નજરકેદ રાખ્યા હતા. ત્યાંથી તેઓ છુપાવેશે નીકળીને જર્મની જાપાન થઇને સિંગાપુર પહોંચ્યા.
- રાસબિહારી બોઝની પ્રેરણાથી ઈ.સ. 1942માં ‘આઝાદ હિન્દ ફોજ’ અને ‘હિન્દ સ્વાતંત્ર્ય સંઘ’ની સ્થાપના થઈ હતી. તેનું મુખ્ય મથક સિંગાપુર હતું . નેતાજી સિંગાપુર આવી પહોંચતાં રાસબિહારી બોઝે 4 જુલાઈ, 1943ને દિવસે સંઘ તથા ફોજ બંનેનું સર્વોચ્ચ નેતાપદ સુભાષચંદ્રને સોંપ્યું. તેમણે આઝાદ હિન્દ ફોજ’નું પુનર્ગઠન કર્યું.